**પ્રેસ પ્રકાશન**

ભારતીય રિઝર્વ બેંક

સંચાર વિભાગ, કેન્દ્રીય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001

વેબસાઈટ : www.rbi.org.in

ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358

ઈ-મેઈલ : helpdoc@rbi.org.in

**તારીખ : જુન ૧૪, 2017**

**પ્રીથ્વી ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લીમીટેડ (મલ્ટી સ્ટેટ), લખનૌ દ્વારા વેબ સાઈટ ઉપર કરવામાં આવતા ખોટા અને ગેરમાર્ગે દોરતા નિવેદન બાબત**

ભારતીય રિઝર્વ બેંક ની જાણ માં આવેલ છે કે ઉપરોક્ત સોસાયટી તેની વેબ સાઈટ http://prithvisociety.com ઉપર ખોટા નિવેદન કરીને, રિઝર્વ બેંક ના તારીખ 08 ફેબ્રુઆરી 2017 ના પત્ર નં. LK.DCBS.1391/10.10.016/2016-17 ના વિષય વસ્તુ ને ખોટી રીતે ટાંકીને જનતાને ગેરમાર્ગે દોરી રહી છે કે આરબીઆઈએ તેને મલ્ટી સ્ટેટ પ્રીથ્વી ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લીમીટેડ માંથી મલ્ટી સ્ટેટ કો-ઓપરેટીવ બેંક માં કન્વર્ટ કરવા માટે NOC ઈસ્યુ કરેલ છે.આથી જાહેર જનતા ને જાણ કરવામાં આવેછે કે રિઝર્વ બેંકે મલ્ટી સ્ટેટ પ્રીથ્વી ક્રેડીટ ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લીમીટેડ ને મલ્ટી સ્ટેટ કો-ઓપરેટીવ બેંક માં કન્વર્ટ કરવા માટે કોઈ કોઈ NOC ઈસ્યુ કરેલ નથી. વધુમાં, ભારતીય રિઝર્વ બેંકે સદર સોસાયટી ને તેની વેબ સાઈટ ઉપરથી ખોટા તથા ગેરમાર્ગે દોરતી જાહેરાત /નિવેદનો ને તાત્કાલિક દુર કરી / ભૂંસી નાખી હકીકતલક્ષી અને સાચી સ્થિતિ ની સ્પસ્ટતા કરતા યોગ્ય કોરીજેન્ડમ ઈસ્યુ કરવા માટે સલાહ આપી આપી છે. જનતા સોસાયટી ની વેબ સાઈટ માં દર્શાવેલા આવા ખોટા તથા ગેરમાર્ગે દોરતા વિષયવસ્તુ નો શિકાર ના બને તેની ચેતવણી માટે આ નોટીસ ભારતીય રિઝર્વ બેંક દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ છે.

**અનિરુદ્ધ ડી. જાદવ**
**સહાયક પ્રબંધક**

**પ્રેસ જાહેરાત : 2016-2017/3376**